# 11

# બૅન્ક સિલકમેળ

વિભાગ A

**નીચે આપેલ બહુવિકલ્પ પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની સામે આપેલ ખાનામાં લખો :**

**1.** બૅન્ક સિલકમેળ .......... દર્શાવે છે. [ ]

(a) પાસબુકમાં નોંધાયેલ બૅન્ક સાથેના વ્યવહારો

(b) રોકડમેળમાં નોંધાયેલ બૅન્ક સાથેના વ્યવહારો

(c) પાસબુકમાં નહિ નોંધાયેલ બૅન્ક સાથેના વ્યવહારો

(d) ચોક્કસ સમય દરમિયાન બૅન્ક સાથે થયેલા વ્યવહારોની મેળવણી

**2.** રોકડમેળ મુજબ બૅન્કની ઉધાર બાકી એટલે .......... [ ]

(a) બૅન્ક સિલક (b) બૅન્કની શરૂઆતની બાકી

(c) બૅન્ક ઓવરડ્રાફ્ટ (d) બૅન્ક ઉધારેલ વ્યાજ

**3.** રોકડમેળ મુજબ બૅન્કની જમા બાકી એટલે .......... [ ]

(a) બૅન્ક સિલક (b) બૅન્ક ઓવરડ્રાફ્ટ

(c) બૅન્કની શરૂઆતની બાકી (d) બૅન્કે જમા કરેલ વ્યાજ

**4.** પાસબુક મુજબ બૅન્ક સિલક એટલે .......... [ ]

(a) પાસબુક મુજબ ઉધાર બાકી (b) પાસબુક મુજબ જમા બાકી

(c) રોકડમેળ મુજબ જમા બાકી (d) બૅન્કમાં જમા રકમ કરતાં વધારે કરેલ ઉપાડ

**5.** પાસબુક મુજબ ઑવરડ્રાફ્ટ એટલે .......... [ ]

(a) પાસબુક મુજબ ઉધાર બાકી (b) પાસબુક મુજબ જમા બાકી

(c) રોકડમેળ મુજબ ઉધાર બાકી (d) બૅન્કમાં જમા રકમ કરતાં ઓછો કરેલ ઉપાડ

**6.** બૅન્ક સિલકમેળ તૈયાર કરવા માટે .......... જરૂરી છે. [ ]

(a) ફક્ત રોકડમેળ (b) ફક્ત પાસબુક

(c) આમનોંધ અને ખાતાવહી (d) રોકડમેળ અને પાસબુક બંને

**7.** પાસબુક .......... દ્વારા તૈયાર કરવામાં આવે છે. [ ]

(a) બૅન્ક (b) બૅન્ક અને વેપારી બંને

(c) વેપારી (d) ઑડિટર

**8.** બૅન્કમાં વટાવેલ લેણીહૂંડી નકારાયાની નોંધ રોકડમેળમાં થયેલ ન હોય તો પાસબુકની સરખામણીમાં રોકડમેળ મુજબ બૅન્ક સિલક .......... હશે. [ ]

(a) વધારે (b) પાસબુક અને રોકડમેળમાં સરખી

(c) ઓછી (d) નક્કી ન કરી શકાય

9. લખેલ અને રોકડમેળમાં નહિ નોંધેલ ચેક, બૅન્કમાં રજૂ થયેલ ન હોય, તો પાસબુકની સરખામણીમાં રોકડમેળ મુજબ બૅન્ક સિલક .......... હશે. [ ]

(a) વધારે (b) ઓછી

(c) પાસબુક અને રોકડમેળમાં સરખી (d) નક્કી ન કરી શકાય

10. .......... ને કારણે રોકડમેળ અને પાસબુક પ્રમાણેની બૅન્કની બાકીમાં તફાવત ઉભો થતો નથી. [ ]

(a) બૅન્કમાં ભરેલ પરંતુ પાસબુકમાં જમા નહિ થયેલ ચેક

(b) લખેલ પરંતુ બૅન્કમાં રજૂ નહિ થયેલ ચેક

(c) ગ્રાહકે બારોબાર બૅન્કમાં જમા કરેલા રકમ

(d) રોકડમેળ અને પાસબુક બંનેમાં યોગ્ય રીતે નોંધેલ ભરેલ ચેક

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

1. પાસબુક, રોકડમેળ અને બૅન્ક સિલકમેળ કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે ?

2. બૅન્ક સિલકમેળમાં નોંધવામાં ન આવતા બૅન્ક સાથેના વ્યવહારનું એક ઉદાહરણ આપો.

3. બૅન્ક સિલકમેળની શરૂઆત કઈ બાકી દ્વારા કરવામાં આવે છે ?

4. બૅન્ક સિલકમેળની શરૂઆત રોકડમેળ મુજબ ઉધાર બાકીથી કરવામાં આવે તો બૅન્ક સિલકમેળ તૈયાર કર્યા બાદ છેલ્લે મળતી બાકી શું દર્શાવશે ?

5. બૅન્કે આપેલ વ્યાજની નોંધ રોકડમેળમાં કેવી રીતે કરશો ?

6. બૅન્ક વેપારીનું ખાતું કયા ખાતાનાં નિયમને આધારે તૈયાર કરે છે ?

7. વેપારી રોકડમેળમાં બૅન્ક ખાતું કયા ખાતાનાં નિયમને આધારે તૈયાર કરે છે ?

**8.** બૅન્ક ઓવરડ્રાફ્ટ ધંધા માટે શું છે ?

**9.** સૌપ્રથમ પાસબુકમાં અને ત્યારબાદ રોકડમેળમાં લખવામાં આવતા બે વ્યવહારો જણાવો.

**10.** સૌપ્રથમ રોકડમેળમાં અને ત્યારબાદ પાસબુકમાં લખવામાં આવતા બે વ્યવહારો જણાવો.

## વિભાગ E

**1. નીચેની માહિતી પરથી શ્રી માનવનો તા. 30-6-2018ના રોજનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) બૅન્કમાં ભરેલ પરંતુ વસૂલ નહિ થયેલ ચેક ₹ 5000.

(2) લખેલ પરંતુ રજૂ નહિ થયેલ ચેક ₹ 12,000.

(3) બૅન્કમાં ભરેલ અને વસૂલ થયેલ પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક ₹ 7500.

(4) લખેલ અને બૅન્કે ચૂકવેલ ચેક પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક ₹ 8200.

(5) બૅન્કે શ્રી માનવ વતી વસૂલ કરેલ ડિવિડન્ડ ₹ 200 રોકડમેળમાં નોંધેલ નથી.

(6) શ્રી માનવની સૂચના મુજબ બૅન્કે ચૂકવેલ વીમા-પ્રીમિયમ ₹ 6230, રોકડમેળમાં નોંધેલ નથી.

(7) તા. 30-6-2018ના રોજ રોકડમેળ મુજબ બૅન્કસિલક ₹ 6700 હતી.

**2. નીચેના વ્યવહારો પરથી શ્રી જૈનનો તા. 31-3-2018ના રોજનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

તા. 31-3-18ના રોજ રોકડમેળ મુજબ બૅન્ક ખાનાની ઉધારબાકી ₹ 15,000 હતી.

રોકડમેળ અને પાસબુકને એકબીજા સાથે સરખાવતાં નીચેની માહિતી મળી :

(1) ₹ 7000નો ચેક તા. 28-3-18ના રોજ બૅન્કમાં ભર્યો પરંતુ બૅન્કે તેના ખાતામાં તા. 2-4-2018ના રોજ જમા કરેલ.

(2) ₹ 12,000ના ચેક તેમણે તા. 26-3-18ના રોજ લખેલ જેમાંથી ₹ 8000ના ચેક તા. 30-3-18ના રોજ બૅન્કે ચૂકવેલ છે. બાકીના ચેક તા. 31-3-18 સુધી ચૂકવાયેલ નથી.

(3) બૅન્કે વ્યાજના ₹ 300 શ્રી જૈનના ખાતામાં જમા કરેલ છે, જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(4) બૅન્કે ₹ 100 બૅન્ક-ચાર્જિસના શ્રી જૈનના ખાતામાં ઉધારેલ છે, જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(5) એક વેપારીએ ₹ 10,000 બારોબાર શ્રી જૈનના બૅન્ક ખાતામાં ભરાવી દીધા છે, જેની માહિતી તા. 31-3-18 સુધી મળી ન હતી.

(6) બૅન્કમાં ભરેલ અને વસૂલ થયેલ પરંતુ રોકડમેળમાં નહીં નોંધેલ ચેક ₹ 4000.

**3. નીચેની માહિતી પરથી શ્રી સ્વાતિનો જુલાઈ માસનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

રોકડમેળ મુજબ બૅન્કસિલક તા. 1-7-2018 ₹ 12,500.

રોકડમેળ મુજબ બૅન્કસિલક તા. 31-7-2018 ₹ 7600.

(1) બૅન્કમાં ભરેલ ચેક અને પાસબુકમાં જમા કર્યાની માહિતી નીચે મુજબ છે :

| રકમ (₹) | બૅન્કમાં ચેક ભર્યા તારીખ | પાસબુકમાં જમા થયા તારીખ |
|---|---|---|
| 5000 | 25-7-18 | 27-7-18 |
| 7500 | 26-7-18 | 28-7-18 |
| 10,500 | 30-7-18 | 2-8-18 |
| 3600 | 31-7-18 | 4-8-18 |

(2) લખેલ ચેક અને પાસબુકમાં ઉધાર્યા વિશેની માહિતી નીચે મુજબ છે :

| રકમ (₹) | ચેક લખ્યા તારીખ | પાસબુકમાં ઉધાર થયા તારીખ |
|---|---|---|
| 4200 | 24-7-18 | 27-7-18 |
| 780 | 27-7-18 | 2-8-18 |
| 3900 | 28-7-18 | 31-7-18 |
| 5200 | 30-7-18 | 4-8-18 |

(3) NEFT દ્વારા ચૂકવેલ વીજળી-બિલ ₹ 4830, રોકડમેળમાં નોંધેલ નથી.

(4) બૅન્કમાં રોકાણોના વ્યાજના જમા થયેલ ₹ 4650, રોકડમેળમાં નોંધેલ નથી.

(5) રોકડ વેચાણના ₹ 7000, ભૂલથી રોકડમેળમાં ઉધારબાજુ બૅન્કખાનામાં નોંધેલ છે.

(6) પાસબુકમાં ઉધારાયેલ બૅન્ક-ચાર્જિસ ₹ 100 રોકડમેળમાં બે વખત નોંધેલ છે.

**4. આપેલ માહિતી પરથી શ્લોકનો મે, 2018નો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

પાસબુક મુજબ જમાબાકી (તા. 1-5-2018) ₹ 720.

રોકડમેળ મુજબ ઉધારબાકી (તા. 31-5-2018) ₹ 1800.

(1) ₹ 10,000 ચેક મે માસ દરમિયાન બૅન્કમાં ભરેલ જેમાંથી ₹ 6000ના ચેક તા. 31-5-18 સુધી બૅન્કમાં જમા થયેલ છે.

(2) ₹ 21,280ના ચેક મે માસ દરમિયાન લખેલ જેમાંથી ₹ 10,280ના ચેક જૂન માસ દરમિયાન રજૂ થયેલ.

(3) મે, 2018 દરમિયાન ભરેલ ચેક ₹ 460, જે મે માસ દરમિયાન નકરાયેલ છે, જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(4) લખેલા ચેક ₹ 12,000 પૈકી ₹ 3000નો ચેક સહીમાં તફાવતને કારણે નકરાયેલ, જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(5) રોકડ વેચાણ ₹ 6000ની નોંધ રોકડમેળમાં ઉધારબાજુ બૅન્ક ખાનામાં થયેલ છે.

(6) રોકડમેળમાં વ્યયબાજુ બૅન્કખાનાનો સરવાળો ₹ 1000 વધારે થયેલ છે.

**5. તા. 31-10-2018ના રોજ નિહારનો રોકડમેળ ₹ 3260 સિલક દર્શાવતો હતો જ્યારે તે જ તારીખે તેની પાસબુક શૂન્ય સિલક દર્શાવતી હતી. નીચે મુજબના વ્યવહારો ધ્યાનમાં લઈ તેમનો તા. 31-10-2018ના રોજનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) પાયલને ₹ 3400નો ચેક લખી આપ્યો હતો, જે બૅન્કે તા. 30-10-18ના રોજ ચૂકવી આપેલ પરંતુ રોકડમેળમાં તે ₹ 340થી નોંધાયો હતો.

(2) તા. 26-10-18ના રોજ લખેલ ચેક ₹ 3800, પાસબુકમાં તા. 31-10-18ના રોજ રજૂ થયેલ અને ચૂકવાયેલ.

(3) તા. 30-10-18ના રોજ ₹ 8200નો ચેક બૅન્કમાં ભરેલ, જે રોકડમેળમાં નોંધેલ નથી. આ ચેક તા. 2-11-18ના રોજ વસૂલ થયેલ.

(4) પાસબુકની ઉધારબાજુનો સરવાળો ₹ 900થી વધારે થયેલ.

(5) બૅન્કમાં ભરેલ રોકડ ₹ 800, રોકડમેળમાં રોકડ ખાનામાં જમા કરેલ.

(6) બૅન્ક ઉધારેલ બૅન્ક-ચાર્જિસ ₹ 50 રોકડમેળમાં ઉધારબાજુ બૅન્ક ખાનામાં નોંધેલ છે.

**6. રિયાનનો રોકડમેળ તા. 30-9-2018 ના રોજ ઓવરડ્રાફ્ટ ₹ 18,000 દર્શાવે છે, જે પાસબુક સાથે મળતો નથી. પાસબુક અને રોકડમેળની સરખામણી કરતાં નીચે મુજબની માહિતી મળી તેના પરથી રિયાનનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) ₹ 26,000ના ચેક તા. 28-9-2018ના રોજ બૅન્કમાં ભરવામાં આવેલ; પરંતુ ₹ 15,000ના ચેક તા. 30-9-2018 સુધી પાસબુકમાં નોંધેલ છે.

(2) લખેલ પરંતુ બૅન્કે નહિ ચૂકવેલ ચેક ₹ 7900.

(3) લખેલ અને બૅન્કે ચૂકવેલ પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક ₹ 16,300.

(4) બૅન્કમાં ભરેલ અને વસૂલ થયેલ ચેક પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક ₹ 17,800.

(5) બૅન્કમાં વસૂલાત માટે મોકલેલ લેણીહૂંડી ₹ 7500 જેની પાક્યા તા. 4-10-2018 છે.

(6) તા. 15-9-2018ના રોજ બૅન્કે ઉધારેલ બૅન્ક-ચાર્જિસની રકમ ₹ 80 રિયાનની વિનંતીથી બૅન્કે જતા કરેલ અને તા. 30-9-2018ના રોજ પાસબુકમાં જમા કરેલ. રોકડમેળમાં આ સમગ્ર વ્યવહારની કોઈ નોંધ થયેલ નથી.

**7. તા. 31-7-2018ના રોજ શ્રી જૉયના રોકડમેળનું બૅન્ક ખાતું જમાબાકી ₹ 12,000 દર્શાવતું હતું. આ બાકી પાસબુક મુજબની બાકી કરતાં જુદી હતી. નીચે મુજબના વ્યવહારો પરથી શ્રી જૉયનો તા. 31-7-2018ના રોજનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) રોકડ વેચાણનો આપેલ વટાવ ₹ 300 રોકડમેળના બૅન્ક ખાતામાં ઉધારેલ.

(2) ₹ 5000ની દેવીહૂંડી ₹ 200ના રિબેટથી પાક્યા તારીખના એક મહિના પહેલાં ચેકથી ચૂકવી આપેલ. રોકડમેળમાં પૂરેપૂરી રકમ ₹ 5000 જમા કરેલ હતી.

(3) શ્રી જૉયની સૂચના મુજબ બૅન્કે ચૂકવેલ ડીમેટ ચાર્જિસ ₹ 340, રોકડમેળમાં ₹ 430 તરીકે નોંધાયેલ છે.

(4) કંપનીએ NEFT દ્વારા જૉયના બૅન્ક ખાતામાં ₹ 530 ડિવિડન્ડના જમા કરાવેલ, જે રોકડમેળમાં બૅન્ક ખાનામાં ₹ 350થી જમા કરેલ છે.

(5) મળેલ અને બૅન્કમાં જમા થયેલ ચેક ₹ 6000, રોકડમેળમાં બે વખત નોંધાયેલ છે.

(6) પાસબુકમાં બૅન્કે વ્યાજના ₹ 200 ઉધારેલ છે, જે રોકડમેળમાં નોંધેલ નથી.

**8. નીચેની માહિતી પરથી શ્રી માંકડનો તા. 31-10-2018ના રોજનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) રોકડમેળ મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 82,000.

(2) ઑક્ટોબર માસ દરમિયાન શ્રી દલાલને ₹ 35,000ના ચેક, જ્યારે શ્રી દેસાઈને ₹ 40,000ના ચેક લખીને આપેલ. શ્રી દલાલના ₹ 35,000ના ચેક જ્યારે શ્રી દેસાઈના ₹ 30,000ના ચેક ઑક્ટોબર માસ દરમિયાન પાસબુકમાં ઉધારાયેલ હતા.

(3) ઑક્ટોબર માસ દરમિયાન બૅન્કમાં ₹ 1,36,000ના ભરેલ ચેક પૈકી ₹ 80,000ના ચેક તા. 30-10-18ના રોજ બૅન્કે વસૂલ કરેલ. ₹ 46,000ના ચેક બૅન્કે તા. 2-11-18ના રોજ વસૂલ કરેલ, જ્યારે બાકીનો ₹ 10,000નો ચેક તા. 3-11-18ના રોજ ગ્રાહકના ખાતામાં જરૂરી સિલક ન હોવાથી નકરાયેલ.

(4) બૅન્કે ચૂકવેલ વીમા-પ્રીમિયમ ₹ 4000, રોકડમેળમાં ₹ 400થી નોંધેલ.

(5) ₹ 3800નો ચેક મળેલ જે બૅન્કમાં ભરેલ અને વસૂલ થયેલ પરંતુ રોકડમેળમાં રોકડ ખાનામાં ઉધારેલ.

(6) રોકડમેળની જમાબાજુ બૅન્ક ખાનાનો ઓછો ગણાયેલ સરવાળો ₹ 900.

(7) ₹ 5000ની લેણીહૂંડી ₹ 200ના વટાવથી બૅન્કમાં વટાવેલ રોકડમેળમાં પૂરેપૂરી રકમ ₹ 5000 બૅન્ક ખાતામાં ઉધારેલ હતી.

**9. તા. 31-10-2018ના રોજ શ્રી કિશનનો રોકડમેળ ₹ 17,600 બૅન્ક ઓવરડ્રાફ્ટ દર્શાવે છે :**

નીચે આપેલ માહિતી પરથી શ્રી કિશનનો ઑક્ટોબર માસનો બૅન્કસિલકમેળ તૈયાર કરો :

(1) કિશન વતી બૅન્કે વસૂલ કરેલ ₹ 1620નો ચેક ભૂલથી બૅન્કના અન્ય ગ્રાહક શ્રી ક્રિશ્નન ખાતે બૅન્કે જમા કરેલ.

(2) બૅન્કમાં જમા કરાવેલ રોકડ ₹ 3560 રોકડમેળમાં ₹ 5360 તરીકે નોંધેલ.

(3) પાના નંબર 1ની જમાબાકી ₹ 6000 પાસબુકમાં પાના નં. 2 પર ઉધારબાકી તરીકે નોંધાયેલ.

(4) ચેમ્બર ઑફ કૉમર્સની ફીના બૅન્કે ચૂકવેલ ₹ 2500 રોકડમેળમાં ઉધારબાજુ બૅન્કખાનામાં નોંધેલ છે.

(5) બૅન્કમાં વસૂલાત માટે મોકલેલ લેણીહૂંડી ₹ 40,000 બૅન્કે વસૂલ કરી તા. 31-10-2018ના રોજ પાસબુકમાં જમા કરેલ જેની જાણ શ્રી કિશનને થયેલ નથી.

(6) બૅન્કે ઉધારેલ ઓવરડ્રાફ્ટનું વ્યાજ ₹ 200 રોકડમેળમાં નોંધેલ નથી.

**10. આપેલ માહિતી પરથી, શ્રી ગામીનો તા. 30-11-2018ના રોજનો બૅન્ક સિલકમેળ તૈયાર કરી રોકડમેળ મુજબ બાકી નક્કી કરો :**

(1) પાસબુક મુજબ જમાબાકી ₹ 15,800.

(2) નવેમ્બર માસ દરમિયાન લેણદારોને આપેલા ₹ 30,000 ના ચેક પૈકી તા. 30-11-2018 સુધી ₹ 17,000ના ચેક બૅન્કમાં રજૂ થયેલ.

(3) રાજુ પાસેથી ₹ 8000નો ચેક મળેલ જે બૅન્કમાં ભરેલ પરંતુ રોકડમેળમાં નોંધવાનો રહી ગયેલ છે. આ ચેક બૅન્કે તા. 29-11-2018ના રોજ વસૂલ કરેલ છે.

(4) ₹ 3600નો બન્ટી પાસેથી મળેલ ચેક રોકડમેળના વટાવ ખાનામાં નોંધેલ. આ ચેક હજુ બૅન્કમાં ભરેલ નથી.

(5) બૅન્કે સરકારી જામીનગીરીઓનું વ્યાજ ₹ 1700 વસૂલ કરેલ છે, તેની જાણ શ્રી ગામીને તા. 30-11-2018 સુધી થયેલ નથી.

(6) બૅન્કે વસૂલ કરેલ બૅન્ક-ચાર્જિસ ₹ 40, રોકડમેળમાં નોંધેલ નથી.

(7) ડિસેમ્બર માસમાં પાકતી દેવીહૂંડી ₹ 12,000, ₹ 11,800 ચૂકવી નવેમ્બર માસ દરમિયાન બૅન્ક મારફતે ચૂકવેલ રોકડમેળમાં કુલ રકમ ₹ 12,000 નોંધેલ.

**11. શ્રી જયદીપની પાસબુક તા. 31-3-2018ના રોજ ₹ 26,300 બૅન્કસિલક દર્શાવે છે. નીચે આપેલ માહિતી પરથી માર્ચ, 2018નો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) તા. 30-3-2018ના રોજ બૅન્કમાં ભરેલ ચેક નકરાયેલ જે ફક્ત પાસબુકમાં જ ઉધારાયેલ છે ₹ 3600.

(2) બૅન્કે પાસબુકમાં તા. 30-3-2018ના રોજ ભૂલથી ₹ 5000 જમા કરેલ, જે ભૂલ તા. 31-3-2018 સુધી સુધારેલ નથી.

(3) શૅરમાં કરેલ રોકાણના ફક્ત પાસબુકમાં જ નોંધાયેલ છે ₹ 6000.

(4) લખેલ અને રોકડમેળમાં નોંધેલ ચેક ₹ 4500, લેણદારને આપેલ નથી.

(5) બૅન્કે આપેલ વ્યાજ ₹ 300, રોકડમેળમાં નોંધેલ નથી.

(6) ઘરખર્ચ માટે ₹ 2000 બૅન્કમાંથી ઉપાડેલ, જે રોકડમેળમાં નોંધેલ નથી.

**12. શ્રી હરિઓમની પાસબુક તા. 31-8-2018ના રોજ ₹ 77,620 બૅન્કસિલક દર્શાવે છે. જ્યારે તા. 1-8-2018ના રોજ તેમનો રોકડમેળ ₹ 6800 બૅન્કસિલક દર્શાવે છે. નીચેની માહિતી પરથી ઑગસ્ટ, 2018નો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) RTGS દ્વારા પરત કરેલ લોન ₹ 56,000, રોકડમેળમાં ₹ 5600થી ઉધારબાજુ નોંધેલ છે.

(2) RTGS ના ચાર્જિસ ₹ 20 ફક્ત પાસબુકમાં જ ઉધારાયેલ છે.

(3) ઑગસ્ટ મહિનામાં શ્રીહરિઓમે લેણદારોને આપેલ ચેક ₹ 18,500 તા. 2-9-2018ના રોજ બૅન્કમાં ચુકવણી માટે રજૂ થયેલ છે.

(4) રોકડમેળની વ્યયબાજુ બૅન્ક ખાનાનો ઓછો ગણેલ સરવાળો ₹ 9000.

(5) ઑગસ્ટ મહિનામાં બૅન્કમાં જમા કરાવેલ ચેક ₹ 6000નો ઑગસ્ટ માસ દરમિયાન ક્લિયરિંગમાં આવેલ, ગ્રાહકના ખાતામાં પૂરતી સિલક ન હોવાથી નકરાયેલ.

(6) જામીનગીરીઓ પરનું વ્યાજ બૅન્કે વસૂલ કરેલ છે, જે રોકડમેળમાં નોંધાયેલ નથી ₹ 4000.

**13. સિમરનની પાસબુક પ્રમાણે તા. 28-2-2018ના રોજ જમાબાકી ₹ 12,000 ની હતી જે રોકડમેળ પ્રમાણેની બૅન્કની બાકી સાથે મળતી ન હતી. પાસબુક અને રોકડમેળને સરખાવતાં નીચે પ્રમાણેની માહિતી પ્રાપ્ત થઈ, તેના પરથી સિમરનનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) બૅન્કે આપેલ બૅન્ક-વ્યાજ ₹ 300, રોકડમેળમાં નોંધેલ નથી.

(2) ₹ 15,000નો ચેક તા. 27-2-2018ના રોજ બૅન્કમાં ભરેલ તે નકરાયો હતો, જેની માહિતી તા. 1-3-2018ના રોજ મળી.

(3) ₹ 7000ના લખેલ ચેક પૈકી ₹ 5200ના ચેક તા. 28-2-2018 સુધી ચુકવણી માટે રજૂ થયા છે.

(4) ₹ 18,000ના ચેક બૅન્કમાં ભરેલ જેમાંથી ₹ 8000ના ચેક તા. 2-3-2018ના રોજ વસૂલ થયેલ.

(5) એક ગ્રાહકે ₹ 9000 બૅન્કમાં બારોબાર ભરાવી દીધા છે. જેના અંગે રોકડમેળમાં નોંધ કરવામાં આવી નથી.

(6) રોકડમેળ તેમજ પાસબુક બંનેમાં ઉધારાયેલ બૅન્ક-ચાર્જિસ ₹ 200.

**14. તા. 31-3-2018ના રોજ મોહિશની પાસબુક ₹ 5600 બૅન્ક ઓવરડ્રાફ્ટ દર્શાવે છે. નીચેની માહિતી પરથી તા. 31-3-2018ના રોજથી રોકડમેળ મુજબની બાકી શોધો :**

(1) બૅન્કમાં ભરેલ ચેક અને પાસબુકમાં જમા કરેલ ચેકની માહિતી.

| રકમ (₹) | બૅન્કમાં ચેક ભર્યા તારીખ | પાસબુકમાં ચેક જમા થયા તારીખ |
|---|---|---|
| 5300 | 20-3-2018 | 22-3-2018 |
| 4200 | 24-3-2018 | 28-3-2018 |
| 3700 | 27-3-2018 | 1-4-2018 |
| 2000 | 31-3-2018 | 2-4-2018 |

(2) લખેલ ચેક અને બૅન્કમાં રજૂ થયેલ ચેકની વિગત.

| રકમ (₹) | ચેક લખ્યા તારીખ | પાસબુકમાં ચેકની ઉધારાયેલ તારીખ |
|---|---|---|
| 7900 | 28-3-2018 | 1-4-2018 |
| 1600 | 30-3-2018 | 2-4-2018 |
| 580 | 31-3-2018 | 3-4-2018 |

(3) બૅન્કે નોંધેલ બૅન્ક-ચાર્જિસ ₹ 100 રોકડમેળમાં બે વખત નોંધાયેલ છે.

(4) તા. 26-3-2018ના રોજ દેવાદાર પાસેથી મળેલ ચેક ₹ 6000 રોકડમેળમાં ઉધારબાજુ રોકડખાનામાં નોંધેલ. આ ચેક તા. 28-3-2018ના રોજ બૅન્કમાં ભરેલ જે પાસબુકમાં તા. 31-3-2018ના રોજ જમા થયેલ છે.

(5) લખેલ અને રોકડમેળમાં નોંધેલ ચેક ₹ 12,300, લેણદારોને આપેલ નથી.

(6) લખેલ અને ચૂકવાયેલ ચેક ₹ 7400, રોકડમેળમાં નોંધેલ નથી.

**15. તા. 31-10-2018ના રોજ ગીતાની પાસબુક ₹ 17,500 ઉધારબાકી દર્શાવે છે. નીચે આપેલી માહિતી પરથી તા. 31-10-2018ના રોજનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) બૅન્કે ₹ 2000 ડિવિડન્ડના વસૂલ કરેલ છે, જે રોકડમેળમાં નોંધેલ નથી.

(2) બૅન્કમાં વસૂલાત માટે મોકલેલ હૂંડી ₹ 5400 રોકડમેળના બૅન્કખાનામાં ઉધારેલ, જે તા. 31-10-2018 સુધી બૅન્કે વસૂલ કરેલ નથી.

(3) બૅન્ક-ચાર્જિસ ₹ 120, જે રોકડમેળમાં ₹ 12 તરીકે નોંધાયેલ છે.

(4) ઑક્ટોબર માસ દરમિયાન બૅન્કમાં ભરેલ ચેક ₹ 6000 પૈકી ₹ 2000 નો ચેક તા. 2-11-2018 ના રોજ પાસબુકમાં જમા થયેલ છે.

(5) શૅર અરજીની રકમ ₹ 22,000, શૅર મંજૂર થતાં પાસબુકમાં ઉધારાયેલ, જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(6) ₹ 10,000ના લેણદારોને 10 % વટાવ કાપી ચેક આપેલ જે પાસબુકમાં ઉધારાયેલ છે, પરંતુ રોકડમેળમાં ₹ 10,000થી પૂરેપૂરી રકમ બૅન્ક ખાનામાં જમા કરેલ છે.

**16. તા. 30-11-2018ના રોજ સત્યાની પાસબુક ₹ 4800 બૅન્ક ઓવરડ્રાફ્ટ દર્શાવે છે. આપેલ માહિતી પરથી નવેમ્બર, 2018નો બૅન્ક સિલકમેળ તૈયાર કરી રોકડમેળ મુજબની બાકીની ગણતરી કરો :**

(1) ઘરખર્ચ માટે બૅન્કમાંથી રોકડા ઉપાડ્યા ₹ 3000નો ચેક લખીને રોકડમેળમાં તા. 30-11-2018ના રોજ નોંધેલ, પરંતુ બૅન્કમાંથી રોકડ તા. 1-12-2018ના રોજ ઉપાડેલ.

(2) મજૂરીના રોકડેથી ચૂકવેલ ₹ 500, રોકડમેળની જમાબાજુ બૅન્ક ખાનામાં નોંધેલ છે.

(3) બૅન્કમાં જમા કરાવેલ રોકડ ₹ 4500 રોકડમેળમાં નોંધવાના બાકી છે.

(4) બૅન્કે પાસબુકમાં નોંધેલ ઓવરડ્રાફ્ટનું વ્યાજ ₹ 150 રોકડમેળની ઉધારબાજુ બૅન્ક ખાનામાં ₹ 15થી નોંધાયેલ છે.

(5) તા. 1-12-2018ની તારીખ નાખી લખેલ ચેક ₹ 7000, રોકડમેળમાં તા. 30-11-2018ના રોજ નોંધી લેણદારને આપેલ છે.

(6) ઑક્ટોબર માસ દરમિયાન બૅન્કે ઉધારેલ બૅન્ક-ચાર્જિસ ₹ 210 સત્યાની વિનંતીથી નવેમ્બર માસ દરમિયાન બૅન્કે જમા આપેલ, જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

**17. શ્રી અનંતની પાસબુક તા. 31-12-2018ના રોજ ₹ 6320નો ઓવરડ્રાફ્ટ દર્શાવે છે. આપેલ માહિતી પરથી તેમનો ડિસેમ્બર, 2018ના માસનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) તેમના બચત ખાતામાંથી ₹ 10,000 બાંધીમુદતની થાપણમાં મૂકેલ જે બૅન્કે ધંધાના બૅન્ક ખાતાની પાસબુકમાં ઉધારેલ.

(2) રોકડમેળ અને પાસબુકમાં જમા થયેલ રોકાણોનું વ્યાજ ₹ 300.

(3) અનંત વતી બૅન્કે વસૂલીને જમા કરેલ ડિવિડન્ડ ₹ 500 રોકડમેળમાં નોંધેલ નથી.

(4) અનંત વતી બૅન્કે ચૂકવેલ વીમા-પ્રીમિયમ ₹ 1320 રોકડમેળમાં નોંધેલ નથી.

(5) શિવાની પાસેથી મળેલ ચેક ₹ 3000 રોકડમેળમાં નોંધ્યા વગર બૅન્કમાં ભરેલ જે, વસૂલ થયેલ નથી.

(6) રોકડમેળની વ્યય બાજુ બૅન્ક ખાનાનો ઓછો નોંધેલ સરવાળો ₹ 360.

**18. શ્રી જગમલ સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા (SBI)માં બે ખાતાં ધરાવે છે. ખાતા નં. 440 અને ખાતા નં. 441. ખાતા નં. 440 એ ધંધાનું ચાલુ ખાતું છે જ્યારે ખાતા નં. 441 એ અંગત બચત ખાતું છે.**

**તા. 31-8-2018ના રોજ ખાતા નં. 440 રોકડમેળ મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 5000 દર્શાવે છે. જ્યારે આ જ તારીખે ખાતા નં. 441 પાસબુક મુજબ બૅન્કસિલક ₹ 22,000 દર્શાવે છે. નીચે આપેલ માહિતી પરથી ખાતા નં. 440નો ઑગસ્ટ માસનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો.**

(1) ₹ 8000ના ચેક, દેવાદાર પાસેથી મળેલ જે ભૂલથી ખાતા નં. 440ના બદલે ખાતા નં. 441માં ભરેલ, જેમાંથી બૅન્કે ₹ 6000ના ચેક વસૂલ કરી ખાતા નં. 441માં ઑગસ્ટ માસમાં જમા આપેલ, બાકીના ચેક વસૂલ થયા નથી.

(2) જીવન વીમા-પ્રીમિયમનો ચેક ₹ 4300, ખાતા નં. 441માંથી લખીને આપેલ, જે બૅન્કે ખાતા નં. 440માં ઉધારેલ છે.

(3) તેના અંગત રોકાણનું વ્યાજ ₹ 3000 બૅન્કે ખાતા નં. 441ના બદલે ખાતા નં. 440માં જમા કરેલ છે.

(4) તેની અંગત લોનની ચુકવણીનો ચેક ₹ 8000 ખાતા નં. 441માંથી લખેલ, જે ભૂલથી ધંધાના રોકડમેળના બૅન્ક ખાનામાં જમાબાજુ નોંધેલ છે. આ ચેક 31 ઑગસ્ટ સુધી બૅન્કમાં રજૂ થયેલ નથી.

(5) બૅન્કે ખાતા નં. 441માં ₹ 70 બૅન્ક-ચાર્જિસના વસૂલ કરેલ, જે ધંધાના રોકડમેળના બૅન્ક ખાનામાં ઉધારેલ છે.

(6) ગ્રાહકે બારોબાર ખાતા નં. 440માં ₹ 3000 બૅન્કમાં જમા કરાવેલ, જે બૅન્કે ખાતા નં. 441માં જમા આપેલ. રોકડમેળમાં આ વ્યવહારની નોંધ થયેલ નથી.

**19. તા. 31-8-2018ના રોજ શ્રી ગુપ્તાનો રોકડમેળ ₹ 12,000 ઉધારબાકી દર્શાવે છે. બૅન્ક સાથેના વ્યવહારોની તપાસ કરતાં જણાયું કે,**

(1) ઑગસ્ટ માસમાં લખેલ ₹ 40,000ના ચેક પૈકી ₹ 12,000ના ચેક સપ્ટેમ્બરમાં રજૂ થયા હતા.

(2) ઑગસ્ટ માસ દરમિયાન બૅન્કમાં ભરેલ ચેક ₹ 78,000 પૈકી ₹ 60,000ના ચેક તા. 31-8-2018 સુધી બૅન્કમાં જમા થયા હતા.

(3) રોકડમેળની ઉધારબાજુ બૅન્ક ખાનાનો સરવાળો ₹ 1800 વધુ ગણાયેલ હતો.

(4) બૅન્કે જમા કરેલ વ્યાજ ₹ 700 રોકડમેળમાં ₹ 70થી ઉધારેલ છે.

(5) પંકજ પાસેથી મળેલ ચેક ₹ 6300 રોકડમેળમાં રોકડ ખાનામાં ઉધારેલ. આ ચેક પાસબુકમાં તા. 30-8-2018ના રોજ જમા થયેલ છે.

(6) લેણદાર અગ્રવાલના નામનો બૅન્કડ્રાફ્ટ ₹ 5000 બૅન્કમાંથી લીધેલ જે રોકડમેળમાં નોંધેલ નથી.

ઉપરની માહિતી પરથી સુધારેલ રોકડમેળ તૈયાર કરી તા. 31-8-2018ના રોજનો બૅન્કસિલકમેળ તૈયાર કરો.

**20. પટેલ ટ્રેડર્સનો રોકડમેળ તા. 30-9-2018ના રોજ ₹ 8200 બૅન્કની જમાબાકી દર્શાવે છે, જે પાસબુક પ્રમાણેની બાકી કરતાં જુદી આવે છે. નીચેની માહિતી પરથી સુધારેલ રોકડમેળ તૈયાર કરી તા. 30-9-2018ના રોજનો બૅન્કસિલકમેળ તૈયાર કરો :**

(1) લખેલ પરંતુ રજૂ નહિ થયેલ ચેક ₹ 3000.

(2) ગ્રાહકે બારોબર બૅન્ક ખાતામાં જમા કરેલ ચેક ₹ 6400.

(3) બૅન્કે વસૂલીને જમા કરેલ ડિવિડન્ડ ₹ 300, રોકડમેળમાં નોંધેલ નથી.

(4) બૅન્કમાં ભરેલ પરંતુ વસૂલ નહિ થયેલ ચેક ₹ 3500.

(5) બૅન્કમાં વટાવેલ લેણીહૂંડી ₹ 3500 જે નકરાઈ, બૅન્કે ₹ 100 નકરામણી ખર્ચ સહિત પાસબુકમાં ઉધારેલા જેની નોંધ રોકડમેળમાં થઈ નથી.

(6) બૅન્કે ઉધારેલ બૅન્ક-ચાર્જિસ ₹ 80, રોકડમેળમાં નોંધેલ નથી.

**21. નીચે આપેલ માહિતી પરથી શ્રી પાર્શ્વીનો બૅન્કસિલકમેળ તૈયાર કરો :**

ઉધાર રોકડમેળ (બૅન્ક ખાતું) જમા

| તારીખ | વિગત (આવક) | ₹ | તારીખ | વિગત (જાવક) | ₹ |
|---|---|---|---|---|---|
| 2018 ઑગસ્ટ | | | 2018 ઑગસ્ટ | | |
| 1 | બાકીના આગળ લાવ્યા. | 13,000 | 3 | વીજળી-બિલ ખાતે (વીજળી કંપનીને આપેલ ચેક) | 3200 |
| 4 | નિમિષ ખાતે | 7640 | 6 | રાહિલ ખાતે | 7800 |
| 7 | બેલા ખાતે | 5360 | 7 | પરમ ખાતે | 6000 |
| | | | 31 | બાકી આગળ લઈ ગયા. | 9000 |
| | | **26,000** | | | **26,000** |
| સપ્ટેમ્બર | | | | | |
| 1 | બાકી આગળ લાવ્યા. | 9000 | | | |

**પાસબુક**

| તારીખ | વિગત | ઉધાર (₹) | જમા (₹) | બાકી (₹) |
|---|---|---|---|---|
| 2018 ઑગસ્ટ | | | | |
| 1 | બાકી આગળ લાવ્યા. | – | 13,000 | 13,000 |
| 5 | ડિવિડન્ડ ખાતે | – | 600 | 13,600 |
| 8 | વીજળી કંપની ખાતે | 3200 | – | 10,400 |
| 13 | નિમિષ ખાતે | – | 7640 | 18,040 |
| 20 | વીમા-પ્રીમિયમ ખાતે | 5000 | – | 13,040 |
| 26 | બૅન્ક-વ્યાજ ખાતે | – | 260 | 13,300 |
| 31 | બાકી આગળ લઈ ગયા. | 13,300 | – | 13,300 |
| | | **21,500** | **21,500** | |

**22. નીચે આપેલ માહિતી પરથી અનંતનો બૅન્કસિલકમેળ તૈયાર કરો :**

**બૅન્ક પાસબુક**

| તારીખ | વિગત | ઉધાર (₹) | જમા (₹) | બાકી (₹) |
|---|---|---|---|---|
| 2018 ઑક્ટોબર | | | | |
| 1 | બાકી આગળ લાવ્યા. | – | 30,000 | 30,000 |
| 1 | પૂનમ ખાતે | 4000 | – | 26,000 |
| 7 | ઈહિતા ખાતે | 5000 | – | 21,000 |
| 12 | મમતા ખાતે | – | 2700 | 23,700 |
| 14 | લોન ખાતે | 30,000 | – | (6300) |
| 18 | ઓવરડ્રાફ્ટના વ્યાજ ખાતે | 200 | – | (6500) |
| 23 | રોકડ ખાતે | – | 5000 | (1500) |
| 31 | બાકી આગળ લઈ ગયા. | – | 1500 | (1500) |
| | | **39,200** | **39,200** | |

**રોકડમેળ (બૅન્ક ખાતું)**

ઉધાર જમા

| તારીખ | વિગત (આવક) | ₹ | તારીખ | વિગત (જાવક) | ₹ |
|---|---|---|---|---|---|
| 2018 ઑક્ટોબર | | | 2018 ઑક્ટોબર | | |
| 1 | બાકી આગળ લાવ્યા. | 26,000 | 10 | લોન ખાતે | 3000 |
| 4 | ઈહિતા ખાતે (પગારનો આપેલ ચેક) | 9000 | | | |
| 8 | મમતા ખાતે | 2700 | 31 | બાકી આગળ લઈ ગયા. | 39,700 |
| 23 | રોકડ ખાતે | 5000 | | | |
| | | **42,700** | | | **42,700** |
| નવેમ્બર | | | | | |
| 1 | બાકી આગળ લાવ્યા. | 39,700 | | | |